

# શ્રી હરિની રમણભૂમિ અક્ષરધામતુલ્ય ગઢડામાં શ્રીજીસંકલ્પ સ્થાને શાસ્ત્રીજી મહારાજ દ્વારા મંદિર નિર્માણની અજોડ ગાથા

**ચાર** ભવ્ય શિખરબદ્ધ ગગનચુંબી મંદિરોનાં નિર્માણ બાદ શાસ્ત્રીજી મહારાજનાં અપ્રતિમ પ્રતાપ અને ઐશ્વર્યથી સમસ્ત બ્રહ્માંડ વાકેફ થઈ ચૂક્યું હતું. તેમ છતાં શાસ્ત્રીજી મહારાજ તો હજુ પણ મૂળ સંસ્થા સાથે સમાધાન કરવા માટે પ્રયત્નશીલ હતા. શાસ્ત્રીજી મહારાજની ગુણાતીત અવસ્થાનાં સ્પષ્ટ દર્શન સૌને થઈ રહ્યાં હતાં. માન, મોટપ કે ધન-સંપદા માટે નહિ, પણ શુદ્ધ સનાતન સિદ્ધાંતને ફલક પર પ્રસરાવવા માટે શાસ્ત્રીજી મહારાજ કટિબદ્ધ હતા. જ્યારે સમાધાનના તમામ પ્રયત્નો નિષ્ફળ થયા, ત્યારે ભગવાનની મરજીને સ્વીકારી શાસ્ત્રીજી મહારાજ ગઢડાના મંદિરને પૂર્ણ સ્વરૂપ આપવા પ્રવૃત્ત થયા. ગોંડલ મંદિરનું કામ પૂરું થવા આવ્યું હતું અને અટલાદરા મંદિરનું કામ તંગી વચ્ચે પણ ચાલી રહ્યું હતું. હવે શાસ્ત્રીજી મહારાજ ગઢડામાં ટેકરાવાળી જગ્યા પ્રાપ્ત થાય અને ત્યાં પાંચમું મંદિર નિર્માણ પામે તે માટે ચક્રો ગતિમાન કરવા લાગ્યા.

આમ તો શાસ્ત્રીજી મહારાજે વડતાલમાંથી મહાપ્રસ્થાન આદર્યું ત્યારથી જ ગઢડામાં મંદિર કરવાનો તેઓનો સંકલ્પ કર્યો હતો. તેઓ ઘેલા નદીમાં સ્નાન કરવા જતા ત્યારે અનેક વખત કહેતા કે, 'અહીં તો ત્રણ શિખરનું ભવ્ય આરસનું મંદિર થશે!' શ્રીજી મહારાજે ગઢડામાં ટેકરાવાળી જે જમીન મંદિર નિર્માણ કરવા માટે પસંદ કરી હતી, તે જગ્યા દાદાખાચર અને તેમના કાકા જીવા ખાચરની મજિયારી માલિકીની હતી. તેમાંથી જીવા ખાચરે પોતાના ભાગની જગ્યાનું લખાણ ના કરી આપ્યું તેથી એ સંકલ્પભૂમિમાં મંદિર નિર્માણ શક્ય ન થયું. શ્રીજી મહારાજે તો મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી પાસે જગ્યા દોરી વડે મપાવી, સામાન્ય નકશો પણ તૈયાર કરી રાખ્યો હતો કે, અહીં મંદિર કરીશું, અહીં ધર્મશાળા કરીશું કે જેનાં પગથિયાં ઘેલા નદી સુધી પહોંચે. પરંતુ તે જગ્યા ત્યારે ના મળી તેથી શ્રીજી મહારાજે દાદા ખાચરના દરબારમાં મંદિર કરી શ્રી ગોપીનાથ દેવ પધરાવ્યા.

એ સંકલ્પસ્થાને મંદિર કરવાની શ્રીજી મહારાજની મરજીને સાકાર કરવાના કોડ શાસ્ત્રીજી મહારાજ દાયકાઓથી સેવતા હતા. તે માટે તેઓએ ખૂબ પ્રયત્નો કર્યા. અટલાદરા મંદિર માટે જે વર્ષે જમીન લેવાઈ તે જ વર્ષે ગઢડામાં હરિમંદિર કરવા માટે શાસ્ત્રીજી મહારાજે રકમ ચૂકવીને હરસુરભાઈ સોનીનું મકાન લીધું. તે મંદિરમાં શાસ્ત્રીજી મહારાજે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની પટ્ટની મૂર્તિઓ પધરાવી. આ પ્રસંગે ઘણા ભક્તો ઉપસ્થિત રહ્યા અને સંવત ૧૯૯૭ની ફાગણ વદ બીજના દિવસે નારણજી મહારાજે શાસ્ત્રીજી મહારાજના પાવન હસ્તે મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરાવી. ગઢડામાં જે સ્થાને શ્રીજી મહારાજને મંદિર કરવાનો ઉમંગ હતો, તે સ્થાનમાં મંદિર નિર્માણ કરવાના કાર્યના જાણે આ શ્રીગણેશ હતા !

જેનું નામ માત્ર સાંભળતાં કે દર્શન કરતાં કે દિવ્ય આંદોલનોનો સ્પર્શ થતાં જ શ્રીજી સહજ સાંભરે તેવા ગઢપુરમાં સર્વોપરી ઉપાસનાનું મંદિર કરી ગુણાતીત જ્ઞાન પ્રવર્તાવવાનો શાસ્ત્રીજી મહારાજને હૈયે ખૂબ ઉમંગ હતો. જીવનનો સર્વાધિક સમય શ્રીજી મહારાજે જ્યાં વિતાવ્યો તેવા ગઢપુરમાં શ્રીજીની સર્વોપરીતાને શોભે તેવું વિરાટ મંદિર કરવાનો કોડ શાસ્ત્રીજી મહારાજને હતો. અનેક વખત અકારણ પણ શાસ્ત્રીજી મહારાજ ગઢડામાં મંદિર નિર્માણ કરવાની વાત કરતા. એક વખત સં. ૧૯૭૯માં આણંદના મણિભાઈને શાસ્ત્રીજી મહારાજે ટેકરાવાળી જગ્યા બતાવીને કહ્યું હતું કે, 'મહારાજના સંકલ્પને સાકાર કરવા હિન્દુસ્તાનમાં ન હોય તેવું સુંદર મંદિર અહીં ઊંચે ટેકરા પર કરવું છે કે જેથી ૫-૧૦ ગાઉથી ખબર પડે. અને જેવો બનારસમાં મણિકર્ણિકાનો ઘાટ છે તેવો ભવ્ય ઘાટ પણ અહીં ઘેલા કાંઠે કરવો છે.'

આ સંકલ્પને સાકાર કરવા જમીન સંપાદન માટેના પ્રયત્નો ચાલુ કર્યા, પરંતુ તે કાર્ય લોઢાના ચણા ચાવવા જેવું કઠિન હતું ! ગઢડા ભાવનગર પ્રાંતમાં પડતું અને ભાવનગરના નરેશ હતા શ્રી કૃષ્ણકુમારસિંહજી. કેટલાક વિરોધીઓએ તથા નગરજનોએ શ્રી કૃષ્ણકુમારસિંહજીને ભરમાવેલા કે, 'શાસ્ત્રીજી મહારાજ તો વિમુખ છે, તેઓ જો ગઢડામાં મંદિર કરશે તો ઉપાધિનો વંટોળ આવશે, તેથી શાસ્ત્રી યજ્ઞપુરુષદાસને ગઢડામાં કે ગઢડાની સીમમાં એક તસુ જેટલી પણ જમીન ના આપવી'. અને આ લખાણના ખતપત્ર પર શ્રી કૃષ્ણકુમારસિંહજીએ લાલ શેરો મારી સહી કરી હતી. આ સમાચાર વાયુવેગે પ્રસરી ગયા. સંતો-ભક્તો અને સમગ્ર સત્સંગમાં નિરાશા વ્યાપી ગઈ. અનેક પ્રયત્નો છતાં આશાનું કિરણ દેખાતું નહોતું. સ્નેહી આપ્તજનોની મદદથી શ્રી કૃષ્ણકુમારસિંહજીનાં ધર્મપત્નીના માધ્યમથી પણ જમીન અંગે ભલામણ કરવાના પ્રયત્નો કરાયા, પરંતુ તે પણ શક્ય બન્યા નહિ. તત્કાલીન પોરબંદર રાજ્યના રેવન્યુ કમિશ્નર અને IAS અધિકારીશ્રી ગોવિંદસિંહજી ચુડાસમાને પણ શાસ્ત્રીજી મહારાજે શ્રી અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત સમજાવ્યો હતો. શાસ્ત્રીજી મહારાજની કથાવાર્તાથી ગોવિંદસિંહજીને ખૂબ ભાવ થયો હતો તેથી તેઓ અનન્યભાવે સેવામાં તત્પર રહેતા. શાસ્ત્રીજી મહારાજે જમીન સંપાદનની મદદ માટે તેમને અનુરોધ કર્યો હતો. વળી, નગરશેઠ મોહનલાલભાઈને પણ સાચી વાત સમજાઈ હતી તેથી તેઓ વિરોધ છોડી શાસ્ત્રીજી મહારાજના પક્ષે આવીને મદદરૂપ થવા લાગ્યા હતા. પણ ભાવનગર નરેશના લાલ શેરા આગળ કોનું ચાલે !

એક બાજુ સૌ કોઈ હતાશ અને ઉદાસ હતા. પરંતુ આવા કપરા સમયે પણ એક વ્યક્તિની શ્રદ્ધા તથા વિશ્વાસ અતૂટ હતાં, અને તેઓ હતા સ્વયં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ! શાસ્ત્રીજી મહારાજ કહેતા, 'ધાર્યું ધણીનું થાય છે. શ્રીજી મહારાજને અહીં ટેકરે બેસવું હશે તો ભગવાન અન્યથાકર્તુમ્ શક્તિ વાપરીને પણ જગ્યા અપાવશે. ભવિષ્યમાં રાજ પલટો થશે અને જમીન મળશે. મહારાજ અને સ્વામી આરસના ભવ્ય મંદિરમાં બિરાજશે.' અને આખરે ધાર્યું ધણીનું થયું ! ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ અંગ્રેજ શાસન સમેટાઈ ગયું, સ્વતંત્ર ભારતમાં નાનાં-મોટાં રાજ્યો-રજવાડાઓનું અખંડ ભારતમાં વિલીનીકરણ થયું. ભાવનગર નરેશ શ્રી કૃષ્ણકુમારસિંહજીએ આઝાદીના પાંચમે મહિને સઘળી સંપત્તિ સાથેનું રાજ્ય સરકારને સોંપી દીધું. સરદારશ્રી વલ્લભભાઈએ તેઓને મદ્રાસના ગવર્નર તરીકે નિમ્યા. અને ગઢડા જેની હકૂમતમાં આવે તેવા ભાવનગર જિલ્લાના કલેકટર તરીકે શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર સત્સંગી મુક્તરાજ ગોવિંદસિંહજી મેરૂભા ચુડાસમા નિમણૂક પામ્યા.

સમય સાનુકૂળ થતાં જ શાસ્ત્રીજી મહારાજ સત્વરે દરેડ બાપુની ગાડીમાં ગઢડા એ સ્થાનનાં દર્શન કરવા પધાર્યા. તેઓની ઇચ્છા ઝડપથી જમીન મેળવીને મંદિર નિર્માણકાર્ય આરંભી દેવાની હતી. નગરશેઠ મોહનલાલભાઈ, ગઢડાના જીવા ખાચરના વંશજ દાદાબાપુ અને દાદા ખાચરના વંશજ ભાણબાપુએ પણ આ પ્રસાદીભૂત જમીન સંપાદન કાર્યમાં અનન્ય સહકાર પ્રદાન કર્યો. નિર્ગુણદાસ સ્વામીએ પત્ર મારફતે તેમજ સ્વયં ઉપસ્થિત રહીને ભક્તો દ્વારા આ કાર્ય પાર પાડવામાં યોગદાન આપ્યું.

થોડા દિવસોમાં કલેકટર શ્રી ગોવિંદસિંહજી સારંગપુરમાં સ્વામીશ્રીનાં દર્શને પધાર્યા અને શાસ્ત્રીજી મહારાજ પાસે જમીન માંગણી અંગે એક લેખિત અરજી માંગી. વિદ્યાભ્યાસ કરતા નાનકડા બાળકની નોટબુકનું પાનું ફાડી એક અરજી લખાઈ, જેના પર શાસ્ત્રીજી મહારાજે સહી કરી દીધી. થોડા જ દિવસોમાં એટલે કે, ૨૩ જૂન ૧૯૪૯ના રોજ ગોવિંદસિંહજી સ્વયં જમીનના દસ્તાવેજી કાગળો લઈને હાથોહાથ શાસ્ત્રીજી મહારાજને અર્પણ કરવા પધાર્યા. તે દિવસે સૌના આનંદનો પાર ન રહ્યો. સૌની દિવસો અને મહિનાઓની નહિ, પણ વર્ષોની શ્રદ્ધાનો અંત આવ્યો. શ્રીજી મહારાજનો ૧૨૦ વર્ષનો અને શાસ્ત્રીજી મહારાજનો દાયકાઓ પૂર્વેનો સંકલ્પ સાકાર થયો. તરત જ શાસ્ત્રીજી મહારાજ ગઢડા પધાર્યા અને તેમનાં દર્શને ભક્તો ઝૂમી ઊઠ્યા.

શાસ્ત્રીજી મહારાજે જમીનના નકશા, મ્યુનિસિપાલિટીનો ઠરાવ, જમીનના કાગળો તેમજ બીજી કેટલીક જમીન ખરીદવા અંગેની વિગતો આદિ લઈને હકાબાપુ અને મોહનલાલભાઈને કલેકટરશ્રી પાસે મોકલ્યા અને જરૂરી રકમ ભરીને જમીનનો કબજો મેળવવા તાકીદ કરી. ગઢડામાં ગુણાતીત જ્ઞાનનો ડંકો વાગશે એવા શાસ્ત્રીજી મહારાજના શુભ આશીર્વાદ સાથે કામ આરંભાયું જેથી, પૈસાની અછત વચ્ચે પણ જમીનનો કબજો હાંસલ થયો.

૮ ઓગસ્ટ ૧૯૪૯, શ્રાવણી પૂર્ણિમાના શુભ દિવસે આરસના ભવ્ય મંદિરનું ભૂમિપૂજન નક્કી થયું. કંકોતરીઓ લખાઈ હતી એટલે આ પ્રસંગે પણ ભક્ત મહેરામણ ઊમટ્યું. શાસ્ત્રીજી મહારાજની પુણ્ય ઉપસ્થિતિમાં પ્રાસાદિક ભૂમિનું પૂજન થયું. સેવકોએ સેવાની લખણી લખાવવાનું શરૂ કરી દીધું. રાજના લેખ પર શાસ્ત્રીજી મહારાજે મેખ માર્યો તેના વિજયડંકા ચારેય કોર ગુંજી ઊઠ્યા. શરદ પૂનમ પૂર્વે ટેકરાની ઉપર દસ ફૂટ ઊંડા ઘણા ખાડાઓ હતા, જેમાં પુરાણ કરી જમીન સમથળ કરવામાં આવી. સ્વામી હરજીવનદાસજીએ તે માટે ખૂબ પુરુષાર્થ કર્યો.

જોતજોતામાં મંદિરની શિલાન્યાસ વિધિ કરવાનો સમય આવ્યો. સંવત ૨૦૦૬ની કાર્તિક વદ એકાદશી, ૧૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ સંગેમરમરના વિશાળ મંદિરના ખાતમાં, જગ્યા નહિ આપવાનો લાલ લીટો મારનાર ભાવનગરના પૂર્વ મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીના વરદ હસ્તે જ પ્રથમ શિલારોપણ થયું. આ પ્રસંગે મુંબઈ રાજ્યના મજૂર ખાતાના પ્રધાન આદરણીય ગુલઝારીલાલ નંદાજી પણ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યા. શ્રી કૃષ્ણકુમારસિંહજી પ્રત્યેની શાસ્ત્રીજી મહારાજની અજાતશત્રુતાનાં દર્શન કરી સૌ કોઈ અને ખુદ શ્રી કૃષ્ણકુમારસિંહજી પણ હેરત પામ્યા. તેઓએ સ્વયં કહ્યું કે, 'આવા અજાતશત્રુ અને સમર્થ પુરુષ બીજા મેં કોઈ દીઠા નથી.' આમ, સમગ્ર ઉત્સવ દબદબાભેર ઉજવાયો.

ગઢડામાં આરસનું મંદિર આદર્યું એટલે સ્વાભાવિક જ સૌને ખ્યાલ હતો કે, તેના નિર્માણમાં ખર્ચ વધુ થશે અને તેથી સેવા પણ ઝાઝી જોઈશે. શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણદાસજી અને યોગીજી મહારાજ સૌને તે માટે ખૂબ બળ પૂરતા. આશાભાઈ અને ઈશ્વરભાઈ જેવા ભક્તો તો શાસ્ત્રીજી મહારાજના વચને સેવા કરવા સદાય તત્પર રહેતા. શાસ્ત્રીજી મહારાજ લૌકિક ક્રિયાઓ કરે તો પણ તેમનામાં મનુષ્યભાવ લાવ્યા વગર તેમને દિવ્ય અને સર્વોપરી માની ભક્તો સેવાઓ કરતા. તેમાં રણછોડભાઈ ઉમેદભાઈ પટેલે તો પોતાના ઘર માટે સાચવેલી દસ હજાર રૂપિયાની રકમ સેવામાં અર્પણ કરી દીધી, અને તે પણ માત્ર એટલી જ જાણ થવાથી કે, શાસ્ત્રીજી મહારાજને મંદિરનિર્માણ માટે નાણાંની જરૂર છે. આફ્રિકાના ભક્તોએ પણ સેવા દ્વારા શાસ્ત્રીજી મહારાજની ઝોળી છલકાવી દીધી. વળી, શ્રી ગુલઝારીલાલ નંદાજીએ આ મંદિરને સંપૂર્ણપણે સાકાર કરવા ખૂબ જહેમત ઉઠાવી. શાસ્ત્રીજી મહારાજે તેમને જે જે કાર્ય સોંપ્યાં, તે તેઓએ ખૂબ નિષ્ઠાપૂર્વક નિભાવ્યાં.

શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે અપાર ભક્તિભાવ ધરાવતા દાદુભાઈ (પ.પૂ. કાકાજી મહારાજ), કાંતિભાઈ (પ.પૂ. સોનાબાના સુપુત્ર)ની સમર્પણભક્તિ અનુપમ હતી ! શાસ્ત્રીજી મહારાજની રુચિ અને અભિપ્રાય સમજીને તેઓ વણકહ્યે અપાર સેવાઓ કરતા. ગઢપુરના સર્વોપરી મંદિરની સેવા પણ શાસ્ત્રીજી મહારાજે તેઓને આપી. એક મોડી રાત્રે શાસ્ત્રીજી મહારાજે દાદુભાઈ, કાંતિભાઈ અને છગનભાઈને રૂ. ૫૧,૦૦૦/-ની સેવા મંદિર નિર્માણ અર્થે કરવા આજ્ઞા કરી. બીજા દિવસે સવારે તો તેઓ રૂ. ૫૧,૦૦૦/-નો થાળ ભરી શાસ્ત્રીજી મહારાજને અર્પણ કરવા આવી પહોંચ્યા. તેઓના અપૂર્વ સમર્પણને વશ થઈ શાસ્ત્રીજી મહારાજે પ્રસન્નતા વરસાવતાં આશીર્વાદ પાઠવ્યા. પછી છગનભાઈએ પ્રાર્થના કરી કે, 'હે શાસ્ત્રીજી મહારાજ! જો આપ ખરેખર રાજી થયા હોવ તો જે પ્રમાણે ભગતજી આપને મળ્યા હતા તેમ આપ અમને મળો.' શાસ્ત્રીજી મહારાજે તરત જ કેસર, અત્તરથી મિશ્રિત ચંદન મંગાવ્યું. પ્રથમ દાદુકાકાએ ચંદન દ્વારા શાસ્ત્રીજી મહારાજની અર્ચા કરી, પૂજન કર્યું. અત્યંત રાજી થકા શાસ્ત્રીજી મહારાજે સ્વયં પોતાના હસ્તે કેસર-ચંદન ચોપડી દાદુકાકાને શરીરે થાપા પાડી આપ્યા. તેવી જ રીતે કાંતિભાઈ અને છગનભાઈએ અને સાથે ઉપસ્થિત ભક્તોએ પણ

શાસ્ત્રીજી મહારાજનાં પૂજનનો અને પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો લાભ લીધો. સત્પુરુષનું વચન ઝીલી સેવા-સમર્પણ કરવાનો ગુણાતીત સિદ્ધાંત શિર સાટે પાળી દાદુકાકા અને ભક્તોએ શાસ્ત્રીજી મહારાજની માળાના મણકામાં સહજ સ્થાન પ્રાપ્ત કરી લીધું.

શાસ્ત્રીજી મહારાજ દરેક કામને ખૂબ ચીવટાઈથી ઓપ આપતા. તેમની કાર્યદક્ષતા અને વહીવટીય કુશળતાની તીક્ષ્ણતાને વયોવૃદ્ધ ઉંમરનો ઘસારો સહેજ પણ અસર કરી શક્યો ન હતો. શાસ્ત્રીજી મહારાજે એક બાજુ મંદિર નિર્માણના કાર્યને વેગ આપ્યો તો વળી, બીજી બાજુ વડોદરામાં કોલાટકર મહાદેવને ત્યાં શ્રી મુક્ત અક્ષર પુરુષોત્તમ મહારાજની ધાતુની મૂર્તિઓ બનાવવા આપી દીધી હતી. આ સમયમાં શાસ્ત્રીજી મહારાજ વારેવારે માંદગી ગ્રહણ કરતા. ૮૬ વર્ષની ઉંમરે વિચરણ પણ એટલું જ રહેતું. વળી, પોતાની મોટર ગાડી લાવવાને બદલે ગાડામાં, ટ્રેનમાં કે ભક્તોના ખભે બિરાજી વિચરણ કરવું તેમને વધુ અનુકૂળ રહેતું એવી અવસ્થાનાં તેઓ દર્શન કરાવતા. પગે વાનો અસહ્ય દુખાવો હોવા છતાં મુખ પર તેની અસર અનુભવવા દેતા નહીં. અને એક તરફ નિર્ગુણદાસજીની તબિયત પણ વધુ ને વધુ નાદુરસ્ત થતી જતી હતી.

સમયની માંગ પારખીને એક ભવ્ય દિવ્ય દિવસે શાસ્ત્રીજી મહારાજે ભવિષ્યના ગુણાતીત સુકાનીનો નિર્ધાર કરી લીધો. સંવત ૨૦૦૬, જેઠ સુદ ચોથ, ૨૧ મે ૧૯૫૦ના રોજ અમદાવાદની આમલીવાળી પોળમાં શાસ્ત્રીજી મહારાજે પોતાની ચાદર શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને ઓઢાડી સંસ્થાના પ્રમુખ પદે વરણી કરી અને આશીર્વાદ આપ્યા કે, 'ગુણાતીત સાધુ યોગીજી મહારાજની છત્રછાયામાં રહી સત્સંગ દીપાવજો !' આ અલૌકિક પ્રસંગે યોગીજી મહારાજ અને નિર્ગુણદાસ સ્વામી બંને ઉપસ્થિત હતા. સંસ્થાના દિવ્ય કાર્યનું સુકાન સોંપાયું, એક અમૃત સત્સંગ વારસો સોંપાયો, ઐતિહાસિક નિર્ણય લેવાયો. શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના કાર્યના વહનની જવાબદારી માત્ર ૨૮ વર્ષના સાધુને અપાઈ, તેમ છતાં કોઈ મોટો ઉત્સવ નહિ ! કેવળ એક વણકલ્પ્યો દિવ્ય નિર્દેશ હતો, જે ભવિષ્યમાં પૂર્ણ કળાએ છતો થવાનો હતો અને તે પૂર્ણતઃ પાંગરેલો આજે દશ્યમાન છે !

પ્રમુખવરણી પછી શાસ્ત્રીજી મહારાજે ફરીથી બીમારી ગ્રહણ કરી. અને નિર્ગુણદાસજીએ તો દેહ જ છોડી દીધો. તેમના અક્ષરધામગમનથી સૌને ખૂબ ગ્લાનિ થઈ. વિશેષ તો જેઓને તેઓની લેખિની દ્વારા, સમાગમ દ્વારા ઉપાસનાનું બળ મળતું હતું, આફ્રિકામાં સત્સંગનો પ્રસાર થયો હતો તેવા સૌને ખૂબ ખોટ વર્તાઈ ! સ્વયં શાસ્ત્રીજી મહારાજે એક અણમોલ રત્નની ખોટ અનુભવી ! શાસ્ત્રીજી મહારાજ પણ દેહલીલા સંકેલવાના સંકેત આપવા માંડ્યા હતા. એક તરફ ગઢડા મંદિરની પ્રગતિના સમાચાર મેળવે અને બીજી તરફ સારંગપુરને સંભારી ત્યાં જ અખંડ રહેવાની વાતો કરે ! ભક્તો પણ ઉદાસ થઈ જતા, પણ મનને મારીને સેવામાં જોડાતા. તેવામાં દાડમાવાળા નારણજી મહારાજને પોતાની પાસે બેસાડી શાસ્ત્રીજી મહારાજે ગઢડા મંદિરની મૂર્તિઓની પ્રતિષ્ઠાનું મુહૂર્ત જોવડાવ્યું ને સંવત ૧૯૯૭ના વૈશાખ સુદ દશમને દિવસે પ્રતિષ્ઠા આરતી ઉતારવાનું નક્કી કર્યું. મંદિરનું ઝીણામાં ઝીણું નિરીક્ષણ કરીને કે માહિતી મેળવી શાસ્ત્રીજી મહારાજ જવાબદાર સંતો-ભક્તોને યોગ્ય સૂચનાઓ આપતા.

અનેક પ્રસંગે પરભાવમાં આવીને શાસ્ત્રીજી મહારાજ કહેતા કે, 'આ જોગી જેવા સાધુ તો અનંત કોટિ બ્રહ્માંડમાં નથી. તમે સૌ જોગી મહારાજની આજ્ઞામાં રહેજો... હું તે જોગી ને જોગી તે હું ! મારા પછી જોગી મહારાજ છે ને... તેઓ આરતી ઉતારશે !' આ વાતો ત્યારે બહુ કોઈને સમજાતી નહિ.

ગઢડામાં મૂર્તિપ્રતિષ્ઠાને માત્ર પાંચ માસ જ રહ્યા હતા. ઘાટનું, રંગમંડપનું, શિખરનું, ઉતારાના મકાનનું કામ ચાલતું હતું. શાસ્ત્રીજી મહારાજ હવે ઘણુંખરું સારંગપુર જ રોકાતા ને આરામ કરતા. સમૈયો નજીક આવતાં ભક્તો પધારવા લાગ્યા. આ વખતે તો આફ્રિકાથી પણ ખૂબ મોટી સંખ્યામાં ભક્તો પધાર્યા. ૧૧ એપ્રિલ ૧૯૫૧, મૂર્તિપ્રતિષ્ઠાને માત્ર ૧૧ દિવસ જ બાકી હતા. દરેડ દરબારની મોટર મંગાવી શાસ્ત્રીજી મહારાજ બોલ્યા કે, 'ચાલો ગઢડે જઈએ ને મૂર્તિપ્રતિષ્ઠા કરી આવીએ !' બીમાર અવસ્થામાં પણ શાસ્ત્રીજી મહારાજ જે સાંજે ગઢડા પહોંચ્યા, તે જ સમયે મંદિરનું કામકાજ જોવા ગયા. બીજા દિવસે મૂર્તિઓનાં બારીકીથી દર્શન કર્યાં. મૂર્તિઓને ઘેલા નદીનાં નિર્મળ નીરથી સ્નાન કરાવ્યું. સ્વહસ્તે કંઠી અને જનોઈ પહેરાવ્યાં. અંતે પ્રફુલ્લિત ભાવે આરતી પણ ઉતારી અને પછી બોલ્યા કે, મારો વિધિ પૂરો થયો. પ્રતિષ્ઠા થઈ ગઈ ! હવે જોગી મહારાજ આવશે ને આરતી ઉતારશે ! ત્યારબાદ શાસ્ત્રીજી મહારાજ ફરીથી સારંગપુર આવી ગયા. શું ચાલતું હતું તે સૌની સમજથી પરે હતું !

પ્રતિષ્ઠાને ૮ જ દિવસો બાકી હતા અને શાસ્ત્રીજી મહારાજે ખાવા-પીવાનું મૂકી દીધું હતું. બોલવાનું સુદ્ધાં બંધ કરી દીધું હતું. ત્રણેક દિવસ આવું ચાલ્યું. ૧૦ મે ૧૯૫૧, મૂર્તિપ્રતિષ્ઠાના છ દિવસ પૂર્વે જ સવારે ૧૦:૫૩ કલાકે શાસ્ત્રીજી મહારાજ સ્વધામ પધાર્યા ! ચારેય બાજુ

ગમગીની છવાઈ ગઈ. કોણ કોને સાંત્વન આપે ! અંતર-કાળજું અસહ્ય વેદનાથી ફાટી રહ્યું હતું. સૌના જીવનપ્રાણ ચાલ્યા ગયા એ વાતનો સ્વીકાર કરવા સામે ઝેરના ઘૂંટ પીવા સહેલા હતા ! મુંબઈથી પ્લેનમાં યોગીજી મહારાજ ભાવનગર થઈ સારંગપુર પધાર્યા ત્યારે જાણે સનાથ હોવાની સૌને અનુભૂતિ થઈ ! યોગીબાપાએ સૌને આશ્વાસન આપી આધાર પૂરો પાડ્યો. શાસ્ત્રીજી મહારાજના પાર્થિવ દેહની અંત્યેષ્ટિ વિધિ યોગીજી મહારાજ અને પ્રમુખ સ્વામીજીએ કરી. પ્રેમી ભક્તોના અંતરનો કલ્પાંત શમતો ન હતો ! વિકરાળ દુ:ખ સૌનાં હૈયાંને કોરી રહ્યું હતું. પરંતુ દુ:ખની અસીમ ગ્લાનિ વચ્ચે યોગીજી મહારાજનો ઘેરો બ્રહ્મનાદ સંભળાયો, 'શાસ્ત્રીજી મહારાજ ક્યાં ગયા છે ? એ તો અખંડ પ્રગટ છે !'

યોગીજી મહારાજનાં વચનો મીઠી વીરડી જેવાં લાગ્યાં ! સૌને શાસ્ત્રીજી મહારાજના પ્રગટપણાની અનુભૂતિ યોગીજી મહારાજ સ્વરૂપે થવા માંડી ! યોગીબાપાએ પણ છ દિવસ બાદ ગઢડામાં મૂર્તિપ્રતિષ્ઠા કરી શાસ્ત્રીજી મહારાજના સંકલ્પને સાકાર કરવા હાકલ કરી. એકાએક સૌમાં બળ સિંચાયું. 'મારા પછી જોગી છે ને... હવે જોગી મહારાજ આરતી ઉતારશે !' શાસ્ત્રીજી મહારાજના એ શબ્દો હવે સૌને સમજાયા !

પ્રતિષ્ઠાના આગલા દિવસે ભવ્ય યજ્ઞ થયો અને તે પછી નગર શોભાયાત્રા નીકળી. દશમને દિવસે શુભ મુહૂર્તમાં મૂર્તિઓ યથાસ્થાને પધરાવી દેવાઈ. મધ્ય મંદિરમાં શ્રી ધામ-ધામી-મુક્ત, દક્ષિણ દેરામાં શ્રી હરિકૃષ્ણ મહારાજ સાથે શ્રી ગોપીનાથજી દેવ અને ઉત્તર દેરામાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની અતિ મનોહર પટ્ટની પ્રતિમાનાં દિવ્ય દર્શન થતાં હતાં અને શાસ્ત્રીજી મહારાજના યુગકાર્યની સૌને અનુભૂતિ થતી હતી. શાસ્ત્રીજી મહારાજના શુદ્ધ ઉપાસના પ્રવર્તનના સુવર્ણ શિખર સમ દિવ્ય કાર્યની સિદ્ધિ પણ સાકાર થઈ !

આ ઉપરાંત, શાસ્ત્રીજી મહારાજે આરંભેલ શુદ્ધ સનાતન ઉપાસના પ્રવર્તનનું કાર્ય સાગરો ઓળંગી અંધારખંડ આફ્રિકાને પણ ઉજાળી રહ્યું હતું. મગનબાપા, હરમાનભાઈ, ત્રિભોવનભાઈ જેવા આદરણીય ગૃહસ્થો દ્વારા સત્સંગની જ્યોત નિર્ગુણદાસજી અને યોગીજી મહારાજ મારફતે પ્રજ્વલિત થઈ હતી. ઈ.સ. ૧૯૨૮માં આફ્રિકાના નૈરોબીમાં સત્સંગમંડળની સ્થાપના થઈ ત્યારથી તેઓને મંદિર કરવાના ઉમંગ હતા. સત્સંગનો વિકાસ થતાં શાસ્ત્રીજી મહારાજની પ્રેરણાથી ઈ.સ. ૧૯૪૫માં હરિમંદિર સ્થપાયું. તેમાં શાસ્ત્રીજી મહારાજે સ્વહસ્તે પૂજેલી શ્રી મુક્ત અક્ષર પુરુષોત્તમમહારાજની પટ્ટની મૂર્તિ પ્રતિષ્ઠિત થઈ. આમ, ભારત બહાર પરદેશમાં રચાયેલું વિશ્વનું પ્રથમ સ્વામિનારાયણ મંદિર બન્યું, જે પણ શાસ્ત્રીજી મહારાજ દ્વારા જ સાકાર થયું !

ત્યારબાદ યોગીજી મહારાજે અમદાવાદમાં શાહીબાગ ખાતે, ગુણાતીત દીક્ષા સ્થાન-ભાદરા અને મુંબઈમાં મંદિર રચાવ્યાં, જેમાં પણ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ બિરાજ્યા. વળી, તેઓ દ્વારા કેટલાંય





ગઢડાના મધ્યમંદિરે બિરાજમાન શ્રી મુક્ત અક્ષર પુરુષોત્તમમહારાજ અને દક્ષિણ દેરામાં બિરાજમાન શ્રી હરિકૃષ્ણમહારાજ સહિત શ્રી ગોપીનાથજી દેવ અને શ્રી રાધાજી

હરિમંદિરો સ્થપાયાં ! યોગીજી મહારાજે અગણિત સત્સંગમંડળોની સ્થાપના કરી, અઠવાડિક સત્સંગ સભાની શરૂઆત કરાવી. યુવકોને પોતાના હૃદયસમ ગણાવી તેઓમાં સંસ્કારસિંચનનું અલૌકિક કાર્ય યોગીજી મહારાજે કર્યું. પરદેશમાં પણ પધરામણીઓ કરી, આફ્રિકામાં નૈરોબી, મોમ્બાસા, કંપાલા, ટૉરોરો, જીંજા તેમજ ઇંગ્લૅન્ડના ઇઝ્લિંગ્ટન ખાતે મંદિરો રચી યોગીજી મહારાજે આદર્શ સત્સંગસમાજ સ્થાપ્યો. ભણેલા-ગણેલા ૫૧ નવયુવાનોને દીક્ષા આપી સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખી શકાય તેવું સર્વોત્તમ કાર્ય કર્યું. આ સંતોએ સત્સંગ અને સંસ્થાના વિકાસની સિકલ બદલી નાખી. વળી, જંગમ મંદિર સ્વરૂપ જ્યોતિર્ધરો પકવીને શાસ્ત્રીજી મહારાજના શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના કાર્યને યોગીજી મહારાજે અખંડ વહેતું રાખ્યું. ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ અને ગુરુદેવ યોગીજી મહારાજે માનવમાત્રના ઉત્થાન અર્થે કરેલ આ યુગકાર્યનું શું ઋણ અદા કરીએ ! બસ... અનંત વંદન કરીએ અને 'સ્વ'થી લઈ સર્વસ્વનાં સમર્પણ ધરીએ !


'હું તે યોગી ને યોગી તે હું' ~ શાસ્ત્રીજી મહારાજ

શાસ્ત્રીજી મહારાજે ભારતની પુણ્યભૂમિમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની સર્વોપરી ઉપાસના પ્રસરાવતાં પાંચ ભવ્ય ગગનચુંબી શિખરસંપન્ન મંદિરો કર્યાં. તે કાર્યને યોગીજી મહારાજના નેતૃત્વે બ્રહ્મસ્વરૂપ પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજે આગળ ધપાવ્યું. તેઓએ દેશના લગભગ દરેક રાજ્યમાં ને મુખ્ય શહેરોમાં સ્વામિનારાયણ મંદિર સ્થાપ્યાં. વિદેશમાં પણ ભવ્ય મંદિરોના નિર્માણ કરી પરદેશની ભક્તિ સંપન્ન પેઢીમાં સત્સંગના સંસ્કાર જીવંત રાખ્યા. તે થકી સંસ્કારયુક્ત, ચારીત્ર્યશીલ, નિર્વ્યસની યુવાનોની આખી પેઢી તૈયાર કરી. બાળસભા, ઘરસભાના માધ્યમ દ્વારા પારિવારિક સૌહાર્દને પોષણ આપી સુખી અને નિષ્ઠાવાન સમાજ તૈયાર કર્યો. આ કરુણામૂર્તિ સંતની કરુણા અને પ્રેમને પરિણામે જ આંતરરાષ્ટ્રીય ધુરંધરોથી લઈને સામાન્ય આદિવાસી સુધીના અસંખ્ય લોકોએ તેઓને ચાહ્યા છે. દિલ્હી, ગાંધીનગર અને અમેરિકાના રૉબિન્સન વિલે-ન્યૂજર્સીમાં 'અક્ષરધામ'નાં નિર્માણ કરી ભારતીય સંસ્કૃતિને ચિરંજીવ રાખી. તેઓના સ્વધામગમન બાદ તત્કાલીન સમયે બ્રહ્મસ્વરૂપ પ.પૂ. મહંતસ્વામીજી દ્વારા પણ ઉપાસના પ્રવર્તનનું જંગમકાર્ય અસ્ખલિત પૂરવેગે વહી રહ્યું છે.

શાસ્ત્રીજી મહારાજના દિવ્ય અલૌકિક કાર્યને આધુનિક યુગમાં પ્રવર્તાવવા યોગીજી મહારાજે નૂતન ઓપ આપ્યો. તેઓ દ્વારા સર્જાયેલ જ્યોતિર્ધરો બ્રહ્મસ્વરૂપો પ.પૂ. કાકાજી, પ.પૂ. પપ્પાજી, પ.પૂ. હરિપ્રસાદ સ્વામી, પ.પૂ. અક્ષરવિહારી સ્વામી, પ.પૂ. મુકુંદજીવન સ્વામી-ગુરુજી આદિ ગુણાતીત સ્વરૂપો દ્વારા વિશ્વના ફલક પર ઉપાસનાનો ડંકો વાગ્યો જેના પડઘમ આજે સર્વત્ર ગૂંજી રહ્યા છે.

યોગીજી મહારાજના ૫૧ યુવાનોને સાધુ બનાવવાના સંકલ્પમાં જશુભાઈ અને તેમના મિત્રો પણ સાધુ થવા તૈયાર હતા. યોગીજી મહારાજ કૉલેજમાં અભ્યાસ કરતા આ યુવાનોને ટ્રેઈનિંગ આપવા સાધુઓના અનેક નિયમો આપતા અને તેઓના પ્રેમવશ સૌ યુવાનો તે પાળતા પણ ખરા. આર્ષદૃષ્ટા યોગીજી મહારાજે આ યુવાનોમાં રહેલી શક્તિને પિછાણી અને આધુનિક સમયની જરૂરિયાત અનુસાર તેઓને ભગવાં વસ્ત્રની દીક્ષા આપવાને બદલે સામાન્ય વેશમાં રહી હૃદય ભગવું કરવાની મંત્રદીક્ષા આપી. યોગીજી મહારાજની પ્રેરણા અને આશીર્વાદના ફળ સ્વરૂપે જ અનુપમ મિશન પાંગર્યું, વિકસ્યું અને વિસ્તરી રહ્યું છે. યોગીજી મહારાજ થકી બ્રહ્મજ્ઞાન પામી જ્યોતિર્ધર તૈયાર થયા, જે હતા તેઓના લાડીલા જશુભાઈ સાહેબ, એટલે કે આપણા પ્રાણપ્યારા સંતભગવંત સાહેબજી ! તેઓએ શુદ્ધ ઉપાસનાના સનાતન સિદ્ધાંતને સહજ જીવન-આચરણ દ્વારા યથાર્થ રીતે સાકાર કરી બતાવ્યા. સાહેબજીએ જીવનની દિવ્ય ભાવના રાખી કે ``ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખી, શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજના કાર્યને વહેતું રાખવું. અને ગુરુની તથા ભગવાનની પ્રસન્નતાર્થે પ્રભુ જોડાવે તે પ્રવૃત્તિમાં જોડાઈ, ફરિયાદ કર્યા વિના ભગવાનના ભક્તોની સંપ, સુહૃદભાવ ને એકતા જાળવી સેવા કર્યા કરવી.' તેને પરિણામે જે સુફળ પ્રાપ્ત થયાં તેના અમૃત આસ્વાદ આજે આપણે સૌ માણી રહ્યા છીએ અને અક્ષરધામનાં સુખ, શાંતિ અને આનંદના અખંડ અનુભવ કરી રહ્યા છીએ. ઉપાસના પ્રવર્તન અર્થે મંદિર નિર્માણનું કાર્ય સંતભગવંત સાહેબજી દ્વારા પણ અખંડ અને અવિરત ચાલુ જ છે. તેઓ દ્વારા દેશ-પરદેશમાં રચાયેલાં મંદિરોની નિર્માણગાથા પણ અપૂર્વ ભક્તિભાવ અને અતુલ્ય સમર્પણની અનુપમ કહાણી છે, જે માણવી તે પણ દિવ્ય લહાવો છે !

◆

~ ડૉ. ધનંજય પટેલ